૩૭૦૭૫-૩૭૨૭૭

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

નં. સમગ્ર શિક્ષા/મકમ/૨૦૨૨/
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા**
**સેક્ટર–૧૭, ગાંધીનગર**
**તા. ૯ .૦૯.૨૦૨૨**

---

પ્રતિ

મેરીટ ક્રમ ૧ થી ૩૦

**વિષય : સમગ્ર શિક્ષા અંતર્ગત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલાય (કેજીબીવી) માં કરાર આધારિત પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી) (ભાષા) ની જગ્યા માટે પ્રમાણપત્રો અને ગુણપત્રકોની ચકાસણી માટે હાજર રહેવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) માં કરાર આધારિત **પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી) (ભાષા)** ની જાહેરાત અન્વયે ઓન–લાઈન કરેલ અરજી અનુસંધાને નીચે દર્શાવેલ કચેરી ખાતે નિયત તારીખ અને સમયે અસલ પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકોની ચકાસણી માટે આપે ઉપસ્થિત રહેવાનું રહેશે.

**<u>પ્રમાણપત્રોની ચકાસણી માટેનું સ્થળ :</u>** **ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ,**
**સમગ્ર શિક્ષા, સેક્ટર–૧૭,**
**ગાંધીનગર–૩૮૨૦૧૦**

**<u>તારીખ :</u> તા.૦૧.૧૦.૨૦૨૨ (શનિવાર)**
**<u>સમય :</u> સવારે ૦૯:૦૦ કલાકે**

ઉક્ત પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકોની ચકાસણી દરમિયાન આપે કરેલ ઓન લાઈન અરજી પર આપનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો અને ઓરીજનલ સહીવાળી નકલ તેમજ આપના અસલ પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકો તથા તેની એક–એક ઝેરોક્ષ નકલ સાથે ફરજિયાત ઉપસ્થિત રહેવાનું રહેશે.

**વધુમાં આપ રૂબરૂ પ્રમાણપત્રોની ચકાસણી માટે આવો ત્યારે તમારા ઓરીજનલ સર્ટીફીકેટ ચેક કરતી વખતે ઓન લાઈન અરજીમાં કે જાહેરાતમાં દર્શાવ્યા મુજબ લાયકાત ધરાવતા ન હોય અથવા ખોટી માહિતી ભરેલ હશે તો તમને તાત્કાલિક અસરથી ડીસકવોલીફાઈડ ગણી મેરીટયાદીમાંથી બાકાત કરવામાં આવશે. જેની નોંધ લેવી.**

**ઉક્ત પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકોની ચકાસણી માટે આવનાર ઉમેદવારને કોઈ પણ જાતનું ભથ્થુ કે ટી.એ.ડી.એ. ચૂકવવામાં આવશે નહિ. જેની નોંધ લેશો.**

**નોંધ ઉપર માન.એસપીડીશ્રીની**
**મળેલ મંજૂરી અન્વયે**

**(મહેશ મહેતા)**
**સચિવ**
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

D:\D\KGBV RECRUITMENT 2022\Call Letter.docx